Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :40• Date : 22-02-2024 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisodiya • Mo. 98790 84567

# પન્નુએ ઈંગ્લેન્ડની ટીમને મેચ રદ કરીને પરત ફરવાની ધમકી આપી

રાંચી,

ઝારખંડની રાજધાની રાંચીમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનારી ચોથી ટેસ્ટ અગાઉ ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ ઈંગ્લેન્ડની ટીમને મેચ રદ કરીને પરત ફરવાની ધમકી આપી છે. તેણે આ અંગે ઝારખંડના નક્સલવાદીઓને ઉશ્કેર્યા છે. પન્નુએ કહ્યું છે કે રાંચીમાં યોજાનારી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની મેચ તાત્કાલિક રદ કરવી જોઈએ. આ મામલે રાંચીના ધુર્વા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. નક્સલવાદીઓના નામે જાહેર કરવામાં આવેલા વીડિયોમાં તેણે કહ્યું છે કે રાંચીનું જેએસસીએ સ્ટેડિયમ આદિવાસીઓની જમીન પર બનેલું છે. મેચ આદિવાસીઓની જમીન પર ન રમાવી જોઈએ. પન્નુએ આ વીડિયો યુટ્યુબ પર રિલીઝ કર્યો છે. તેણે માઓવાદીઓને રાંચીમાં યોજાનારી ટેસ્ટ મેચ રદ કરાવવા માટે ઝારખંડ અને પંજાબમાં હંગામો કરવા કહ્યું છે. પન્નુએ યુટ્યુબ દ્વારા ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્મા અને ઈંગ્લેન્ડ ટીમના કેપ્ટન બેન સ્ટોક્સને પણ ધમકી આપી છે. તેણે ઈંગ્લેન્ડના કેપ્ટનને ભારત પ્રવાસ કેન્સલ કરીને ટીમ સાથે પરત ફરવાનું પણ કહ્યું હતું.

પન્નુની ધમકી મળ્યા બાદ ઝારખંડ પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. સ્ટેડિયમથી લઈને હોટલ સુધી કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી રહી છે. એરપોર્ટથી હોટલ સુધી દરેક ખૂણે પોલીસ તૈનાત છે. એરપોર્ટને પણ સિક્યોરિટી કોર્ડન હેઠળ લેવામાં આવ્યું છે. નોંધનીય છે કે ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુનો જન્મ ૧૪ ફેબ્રુઆરી ૧૯૬૭ના રોજ પંજાબમાં થયો હતો. તેના માતા-પિતા મૃત્યુ પામ્યા છે જ્યારે એક ભાઈ વિદેશમાં રહે છે. ક્યારેક કેનેડામાં તો ક્યારેક અમેરિકામાં રહીને તે ત્યાં રહેતા હિન્દુઓને ખુલ્લેઆમ ધમકીઓ આપી રહ્યો છે. પન્નુએ પંજાબ યુનિવર્સિટી, ચંડીગઢમાંથી કાયદાનો અભ્યાસ કર્યો છે. હાલમાં તે અમેરિકામાં કાયદાની પ્રેક્ટિસ કરી રહ્યો છે. પન્નુએ ૨૦૦૭માં 'શીખ ફોર જસ્ટિસ' નામનું સંગઠન બનાવ્યું હતું. જુલાઈ ૨૦૨૦માં ભારતે પન્નુને આતંકવાદી જાહેર કર્યો હતો. ભારતીય જાસૂસી સંસ્થાનો દાવો છે કે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISIના ઈશારે તે ભારતમાં હથિયારોની દાણચોરી અને હિંસક ગતિવિધિઓને અંજામ આપે છે.

### યુપીની ૮૦ બેઠકો માટે કોંગ્રેસ-સપા વચ્ચે સમજૂતી

# કોંગ્રેસ-સપાએ હાથ મિલાવતા યુપીમાં ભાજપને ટક્કર મળશે

### કોંગ્રેસ સાથેના વિવાદને ઉકેલી લેવાનો અખિલેશ યાદવનો આ નિર્ણય માસ્ટર સ્ટ્રોક માનવામાં આવી રહ્યો છે



નવી દિલ્હી,

ઉત્તર પ્રદેશમાં લોકસભાની ચૂંટણી માટે છેલ્લા કેટલાક દિવસોથી 'સીટ શેરિંગ'ને લઈને સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે વાતચીત ચાલી રહી હતી, જેમાં કોઈ નિર્ણય લેવાયો ન હતો. ત્યારે હવે મળતા અહેવાલ મુજબ બંને પક્ષો સમજૂતી થઈ ગઈ છે અને લોકસભાની ચૂંટણી એકસાથે લડશે. આ સાથે બેઠકોની વહેંચણી આજે સાંજ સુધીમાં જાહેર કરવામાં આવશે.

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે આ વાતની પુષ્ટિ કરી છે. ઉલ્લેખનીય છે કે ઉત્તરપ્રદેશમાં લોકસભાની ૮૦ બેઠકો આવેલી છે. જેના પર ભાજપનું પલડું ભારે મનાય છે. જોકે આ વખતે વિપક્ષ એકજૂટ થતાં મત વિભાજન થવાની શક્યતાઓ ઓછી થઈ જવાને કારણે એનડીએ અને નવા રચાયેલા ઈન્ડિયાગઠબંધન વચ્ચે મજબૂત ટક્કર જોવા મળી શકે છે. એટલા માટે જ છેવટે કોંગ્રેસ સાથેના વિવાદને ઉકેલી લેવાનો અખિલેશ યાદવનો આ નિર્ણય માસ્ટર સ્ટ્રોક માનવામાં આવી રહ્યો છે. નોંધનીય છે કે એક દિવસ પહેલા જ સમાચાર આવ્યા હતા કે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે બેઠકોની વહેંચણીને લઈને કોકડુ ગૂચવાયું છે

સ્થાનિક બેઠકોની વહેંચણી અંગે વાત બની રહી નથી. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર અખિલેશ યાદવ મુરાદાબાદ, બલિયા અને બિજનૌરની બેઠકો કોંગ્રેસને આપવા તૈયાર ન હતા. તો બીજી તરફ કોંગ્રેસ પોતાના પ્રદેશ અધ્યક્ષ અજય રાય માટે બલિયા બેઠક પર દાવ લગાવવા માંગતી હતી, જે બેઠકને સમાજવાદીનો ગઢ માનવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે સમાજવાદી પાર્ટીએ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં મુરાદાબાદ બેઠક પર જીત મેળવી હતી. મુરાદાબાદમાં મેયરની ચૂંટણીમાં કોંગ્રેસ બીજા ક્રમે રહી હતી અને નજીવા માર્જિનથી હારી ગઈ હતી.

સમાજવાદી પાર્ટીએ ઉત્તર પ્રદેશમાં અત્યાર સુધીમાં ત્રણ યાદી જાહેર કરી છે, જેમાં ૩૨ ઉમેદવારોની જાહેરાત કરી છે. પ્રથમ યાદી ૩૦ જાન્યુઆરીએ આવી હતી. જેમાં ૧૬ ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી હતી. સપાની બીજી યાદીમાં વધુ ૧૧ ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં મુખ્તાર અંસારીના ભાઈ અને મ્જૅના સાંસદ અફઝલ અન્સારીનું નામ પણ સામેલ છે. આ ઉપરાંત ત્રીજી યાદીમાં ૫ ઉમેદવારોના નામ હતા, જેમા શિવપાલ યાદવને બદાઉનથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

અગાઉ સમાજવાદી પાર્ટીએ ઈન્ડિયાગઠબંધન હેઠળ કોંગ્રેસને ૧૭ બેઠકો પર ચૂંટણી લડવાનો પ્રસ્તાવ મોકલ્યો હતો જેનો કોંગ્રેસે જવાબ ન આપતા અખિલેશ યાદવ રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રામાં સામેલ થયા ન હતા.

# વિદેશોમાં પણ ડિજિટલ પેમેન્ટ કરી શકાશે : RBI

નવી દિલ્હી,

વિદેશમાં પેમેન્ટ માટે ડિજિટલ રૂપિયાના ઉપયોગ બાબતે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જાણકારી આપી છે. હવે બીઆઈએસએટલે કે બેંક ઓફ ઈન્ટરનેશનલ સેટલમેન્ટ્સની આગેવાની હેઠળના પ્રોજેક્ટ ડનબરના ઉપયોગ વડે ડિજિટલ રૂપિયાનો ઉપયોગ ગ્લોબલ પેમેન્ટ માટે કરવો શક્ય બનશે. આરબીઆઈ દ્વારા આ ડિજિટલ કરન્સી વિકસાવવામાં આવી છે.

ગયા અઠવાડિયે મુંબઈમાં યોજાયેલી દક્ષિણ એશિયાઈ દેશોના ગવર્નરોની બેઠકમાં આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ગ્લોબલ ટ્રાન્ઝેક્શન ડિજિટલ રૂપિયાથી સરળતાથી થઈ શકે છે. આ માટે ભારત સહિતના ઘણા અન્ય દક્ષિણ એશિયાઈ દેશોની બેંકો સીબીડીસીપ્રોજેક્ટ (ક્રોસ બોર્ડર ડિજિટલ કરન્સી) પર કામ કરી રહી છે. જેમાંથી અમુક દેશમાં તો સીબીડીસીપ્રોજેક્ટનું ટ્રાયલ પણ ચાલી રહ્યું છે. ફિલિપાઈન્સના બેંગકો સેન્ટ્રલ એનજી પિલિપિનાસે ડિજિટલ ચલણ માટે 'પ્રોજેક્ટ એજિલા', તો સિંગાપોરે 'પ્રોજેક્ટ ઉબિન' હેઠળ ઉદ્યોગ સામેના પડકારોનો સામનો કરવાનો પ્રયાસ કરે છે. તેમજ બેંક ઈન્ડોનેશિયા, સેન્ટ્રલ બેંક ઓફ મલેશિયા અને મોનેટરી ઓથોરિટી ઓફ સિંગાપોર આ પ્રોજેક્ટ ડનબર સાથે સંકળાયેલા છે. સીબીડીસીપ્રોજેક્ટ પર શ્રીલંકા, થાઈલેન્ડ, દક્ષિણ કોરિયા, કંબોડિયા, હોંગકોંગ, ભારત, મ્યાનમાર, લાઓ પીડીઆર, નેપાળ અને વિયેતનામની સેન્ટ્રલ બેંકો કામ કરી રહી છે.

બીઆઈએસના પ્રોજેક્ટ ડનબર હેઠળ બે પ્રોટોટાઈપ પ્લેટફોર્મ વિકસાવવામાં આવ્યા છે. આ પ્લેટફોર્મ વિવિધ કેન્દ્રીય બેંકો દ્વારા જારી કરાયેલ ડિજિટલ કરન્સીનો ઉપયોગ કરીને આંતરરાષ્ટ્રીય ચુકવણી શક્ય બનાવી શકે છે.

## તંત્રી લેખ

# બંધારણના બુનિયાદી સિદ્ધાંતો વિરુદ્ધની માંગ

એ સમજવું જરૂરી છેકે ભારતના બંધારણમાં કૃષિ ક્ષેત્ર સાતમા અનુચ્છેદ અંતર્ગત રાજ્યની યાદીમાં આવે છે. તેથી કેટલાંક રાજ્યોના ખેડૂતો દ્વારા ઉઠાવાઈ રહેલા મુદ્દાઓનું સમાધાન રાજ્ય સરકારોએ કરવું જોઈએ. પંજાબ, હરિયાણા અને કેટલાક પડોશી ક્ષેત્રના ખેડૂતો સંયુક્ત કિસાન મોરચા, કિસાન મજદૂર મોરચા અને કિસાન મજદૂર સંઘ સમિતિની આગેવાનીમાં બીજું વિરોધ પ્રદર્શન શરૂ કર્યું છે. આ ખેડૂત સંગઠનો ખુદને આખા દેશના પ્રતિનિધિ તરીકે રજૂ કરી રહ્યા છે. ૨૦૨૧નું વિરોધ પ્રદર્શન સંયુક્ત કિસાન મોરચાએ શરૂ કર્યું હતું, પરંતુ બાદમાં સંગઠનમાં વિભાજન થઈ ગયું અને હાલનું વિરોધ પ્રદર્શન સંયુક્ત કિસાન મોરચાના બીજા જૂથની આગેવાનીમાં થઈ રહ્યું છે. આંદોલન કરતા કથિત ખેડૂતોએ ૧૨ માંગો મૂકી છે. આ માંગો છે ટેકાના ભાવની કાનૂની ગેરંટી, ટેકાના ભાવની ચૂકવણી સ્વામીનાથન કમિટીના રિપોર્ટ અનુસાર, દેવાં માફી, જમીન અધિગ્રહણ પહેલાં ખેડૂતની અનુમતિ અને વળતર સત્તાવાર દરનું ચાર ગણું, લખીમપુર ખીરી કેસમાં સજા, વિશ્વ વેપાર સંગઠનમાંથી ભારત બહાર નીકળે. તમામ મુક્ત વેપાર સમજૂતીઓને ખતમ કરવી, તમામ ખેડૂતો અને ખેતમજૂરોને ૧૦,૦૦૦ રૂપિયા પ્રતિ મહિને પેન્શન, મનરેગા અંતર્ગત રોજગાર વધારીને ૨૦૦ દિવસ કરવો અને મજૂરી ૭૦૦ રૂપિયા પ્રતિ દિન કરવામાં આવે.

ખેડૂત સંગઠનોએ સમજવું જોઈએ કે આ માંગો મૂકતાં પહેલાં દેશ પર પડનારા આર્થિક પ્રભાવ પર પણ વિચાર કરવો જોઈએ. એવો વિચાર કરવામાં નથી આવ્યો અને વાસ્તવમાં તેઓ દેશના મુઠ્ઠીભર ખેડૂતોનું પ્રતિનિધિત્વ કરે છે. એ વાત સર્વવિદિત છે કે દેશમાં ૮૨ ટકા ખેડૂત નાના અને સીમાંત ખેડૂત છે અને મોટાભાગની માંગો આ ખેડૂતોની સમસ્યાઓનું સમાધાન નથી કરતી. થોડા જ ખેડૂત જે મોટા ખેડૂત છે અને તેઓ રાજનીતિથી પ્રેરિત છે. જો એવું ન હોત તો તેઓ એમ ન કહેતા કે દેશના વાર્ષિક બજેટના ૮૫ ટકા આ માંગોને પૂરી કરવા પર ખર્ચ કરી દે.

તાર્કિક રીતે જો આપણે આ માંગો પર વિચાર કરીએ તો ટેકાના ભાવ અંતર્ગત પાકોની ખરીદીનું તંત્ર ૧૯૬૭માં શરૂ થયું. એ સમયે અનાજની ભારે અછત હતી અને જાહેર વિતરણ પ્રણાલી માટે અનાજની ખરીદી જરૂરી હતી. તેથી એ સમયે ટેકાના ભાવની સાથે લેવી અને ખરીદ કિંમતો હતી. વર્ષોની અવધિમાં જ્યારે હાલત બદલાઈ ગઈ તો લેવી અને ખરીદ કિંમતોનો વિલય એમએસપીમાં કરી દેવામાં આવ્યો. એવાત સ્પષ્ટ છે કે એમએસપીનો ફાયદો માત્ર એ જખેડૂતોને મળે છે જેમની પાસે બજારમાં વેચવા માટે અનાજ હોય છે અને કોઈપણ રાજ્યમાં એવા ખેડૂતોની સંખ્યા વધુ નથી. પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશના મોટાભાગના ખેડૂત નાના અને સીમાંત ખેડૂતો છે જેમની પાસે વેચવા માટે બહુ ઓછું અનાજ હોયછે. હાલના સમયમાં પંજાબમાં પ્રતિ ક્વિન્ટલ ખેતીનો ખર્ચ ૧૫૦૩ રૂપિયા છે અને ટેકાનાભાવ ૨૨૭૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ છે. આ રીતે ખેતીના ખરચ કરતાં પણ વધારે ૫૧.૩ ટકા નફો ખેડૂતોને અપાઈ રહ્યો છે. આ પંજાબના ખેડૂતો પાસેથી મેળવાયેલા સીએસપીના આંકડા પર આધારિત છે. જો સરકાર ટેકાના ભાવની માંગ માનવા મજબૂર થઈ જાય તો અનાજની ખરીદી પર કુલ ખર્ચ લગભગ ૧૦ કરોડ રૂપિયા આવશે અને તે માત્ર પંજાબ, હરિયાણા અને પશ્ચિમી ઉત્તર પ્રદેશના ખેડૂતો પરખર્ચ થશે. જો એવું થાય છે તો શું તે બીજા રાજ્યો સાથે અન્યાય નહીં કહેવાય? જ્યાં અનાજની ખરીદી બહુ ઓછી છે. તેથી બીજા રાજ્યોના ખેડૂતો વિરોધ પ્રદર્શનમાં નથી દેખાઈ રહ્યા. તે ઉપરાંત માત્ર કેટલીક જણસોના ઉત્પાદકો માટે કિંમતોની ગેરંટીની બંધારણીય કાયદેસરતા પર પણ વિચાર કરવો પડશે. દેશમાં ઘણી બધી જણસોનું ઉત્પાદન થાય છે, પરંતુ તેના માટે ટેકાના ભાવનું તંત્ર નથી. તેમાં ન માત્ર ખેતી જણસો, પરંતુ ખેતી સંબંધિત બીજી જણસો પણ સામેલ છે. તેથી એમએસપીને કાનૂની ગેરંટી આપવાથી બંધારણના મૌલિક સિદ્ધાંતનું ઉલ્લંઘન થશે, જે સમાનતા પર આધારિત છે. એ જ રીતે જો ખેડૂતને પેન્શન આપવામાં આવે છે તો તેનો મતલબ હશે કે લગભગ ૨ કરોડ ખેડૂતોને દર મહિને ૧૦ હજાર રૂપિયા આપવા પડશે. શું ભારત સરકાર બજેટમાં તેના માટે જરૂરી સંસાધનો ફાળવી શકશે? મનરેગા અંતર્ગત ૭૦૦ રૂપિયા પ્રતિદિન મજૂરીની સાથે ૨૦૦ દિવસ કામની માંગ પર ૧ લાખ કરોડ રૂપિયા ખર્ચ થશે. શું રાજ્ય સરકારોને આ ખર્ચાનો એક હિસ્સો વહન કરવા માટે કહેવું જોઈએ? તેમની માંગમાં ખેડૂતોને મફત વીજળી પણ સામેલ છે. એના પર પણ ૨૧૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ આવશે. શું પંજાબની સરકાર આ ખર્ચાનો એક હિસ્સો વહન કરશે? કારણ કે ખેતીનો વિષય બંધારણમાં રાજ્ય સૂચિમાં આવે છે.

### શ્રીનગર સહિતના વિસ્તારોમાં વરસાદ

# કાશ્મીર ઘાટી અને લદ્દાખમાં આ દિવસોમાં બરફ વર્ષા પડી રહી છે

## બરફ વર્ષાને કારણે પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે, જે વિશેષ કરીને સ્કીઈંગ માટે પહોંચી રહ્યાં છે



જમ્મુ-કાશ્મીર,

દેશના સ્વર્ગ ગણાતા એવા જમ્મુ કાશ્મીરમાં હાલ વિચિત્ર ઋતુ જોવા મળી રહી છે.. જમ્મુ કાશ્મીરના પહાડી વિસ્તારોમાં બરફ વર્ષા થઈ રહી છે જ્યારે શ્રીનગર સહિતના વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે. બરફ વર્ષા અને વરસાદના કારણે હાલ જમ્મુ કાશ્મીરના અનેક ભાગોમાં વાતાવરણનો વિચિત્ર અનુભવ થઈ રહ્યો છે. જમ્મુ કાશ્મીરના ખારીના આ દ્રશ્યો છે. સફેદ બરફની ચાદરમાં ટ્રેન પણ ઢંકાય ગઈ છે અને ટ્રેનના પાટા પણ. જમ્મુ કાશ્મીરનો આવો નજારો ક્યારેક જ જોવા મળે છે.. પહાડોના દ્રશ્યો એવા છે જાણે બરફની દિવાલ ચણાય ગઈ હોય.. બરફવર્ષાથી બચવા માટે સહેલાણીઓ છત્રીનો સહારો લઈ રહ્યા છે.. ખારી રેલવે સ્ટેશન પર હાલ માત્રને માત્ર બરફ સિવાય બીજું કશું નથી.. જમ્મુ કાશ્મીરમાં સતત ત્રણ દિવસની બરફવર્ષા બાદ આ સ્થિતિ જોવા મળી છે.. લોકો સેલ્ફી લઈ રહ્યા છે, કુદરતના આ અદભૂત સુખનો આનંદ માણી રહ્યા છે.

આના એક દિવસ પહેલાં રાજયના પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે.. આ દ્રશ્યો જમ્મુ કાશ્મીરના કુપવાડા જિલ્લાના છે.. બરફવર્ષાના કારણે માહોલ જ બદલાય ગયો છે.. બરફવર્ષાથી જાણે ધરતીએ સફેદ ચાદર ઓઢી લીધી હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે.. ઘરની છત પર પણ બરફની ચાદર પથરાય ગઈ છે.. એવું લાગી રહ્યું છેકે, આ ભારતના નહીં પરંતુ યુરોપના કોઈ દેશના દ્રશ્યો હોય..

દેશના પ્રથમ રાજય જમ્મુ કાશ્મીરની આ પરિસ્થિતિ છે. જમ્મુ કાશ્મીરના શ્રીનગરમાં છેલ્લા બે દિવસથી વરસાદ પડ્યો છે જેના કારણે તાપમાનમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે.. હકીકતમાં જમ્મુ કાશ્મીર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં એક્ટિવ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર દેખાઈ રહી છે. હવામાન વિભાગનું કહેવું છેકે, આગામી બે દિવસ સુધી આ પરિસ્થિતિ યથાવત્ રહેશે.. શ્રીનગરના કેટલાક વિસ્તારોમાં તો બરફવર્ષા અને વરસાદ સાથે પડી હતી.. વરસાદના કારણે શ્રીનગરના રાજમાર્ગો ભીના થઈ ગયા હતા. બદલાતા વાતાવરણના મિજાજના કારણે જમ્મુ કાશ્મીરમાં સહેલાણીઓ પણ વાતાવરણનો આનંદ ઉઠાવવા માટે પહોંચી રહ્યા છે. જમ્મુ કાશ્મીરમાં વરસાદ અને બરફવર્ષા સાથે થયા હોય એવા સંયોગ ખુબ જ ઓછા છે.

# અમેરિકાના તમામ ૪૫ પ્રમુખોમાં ટ્રમ્પ ખરાબ

વોશિંગ્ટન,

અમેરિકામાં આ વર્ષે પ્રમુખપદની ચૂંટણી યોજાનાર છે જેને હવે ગણતરીના જ મહિનાઓ બાકી છે ત્યારે હવે એક ચોંકાવનારો સરવે બહાર આવ્યો છે જેમાં અમેરિકાના તમામ ૪૫ પ્રમુખોમાંથી ડોનાલ્ડ ટ્રમ્પને સૌથી ખરાબ ગણાવવામાં આવ્યા છે. આ યાદીમાં વર્તમાન પ્રમુખ બાઈડનને ૧૪મું સ્થાન આપવામાં આવ્યું છે.

અમેરિકામાં આ વર્ષે ૫મી નવેમ્બરે યોજાનારી ચૂંટણી બાદ નક્કી થશે કે વિશ્વના સૌથી શક્તિશાળી દેશના પ્રમુખ કોણ બનશે. ઉલ્લેખનીય છે કે રિપબ્લિકન પાર્ટીમાં ડોનાલ્ડ ટ્રમ્પ અને ડેમોક્રેટિક પાર્ટીમાં જો બાઈડેન જે રીતે પોતાના વિરોધીઓ પર લીડ લેતા જોવા મળી રહ્યા છે, ત્યારે આ બંને વચ્ચે જબરી સ્પર્ધા જોવા મળી શકે છે. આ વચ્ચે અમેરિકામાં પ્રેસિડેન્ટ ડેના એક દિવસ પહેલા પ્રેસિડેન્શિયલ ગ્રેટનેસ પ્રોજેક્ટ એક્સપર્ટ સરવેમાં અમેરિકન નેતાઓની યાદી બહાર પાડવામાં આવી છે. ૧૫ નવેમ્બરથી ૩૧ ડિસેમ્બર દરમિયાન કરવામાં આવેલા આ સરવે અનુસાર, પૂર્વ અમિકન પ્રમુખડોનાલ્ડ ટ્રમ્પને યાદીમાં સૌથી નીચે રાખવામાં આવ્યા છે જ્યારે અમેરિકાના વર્તમાન પ્રમુખ જો બાઈડનને ૧૪મું સ્થાન આપવામાં આવ્યું છે. યુનિવર્સિટી ઓફ કોસ્ટલ કેરોલિનાના વોન અને યુનિવર્સિટી ઓફ હ્યુસ્ટનના રોટીંગહોસે ૧૫૪ વિદ્વાનોનો સરવે કર્યો હતો, જેમાં અમેરિકન પોલિટિકલ સાયન્સ એસોસિએશનના અધ્યક્ષો અને એક્ઝિક્યુટિવ પોલિટિક્સ વિભાગના વર્તમાન અને તાજેતરના સભ્યોનો સમાવેશ થાય છે. આ નિષ્ણાતોએ લોકોને સમજાવ્યું હતું કે તેમનું લક્ષય શ્રેષ્ઠ પ્રમુખ કોણ છે તે જાણવાનું છે. આ સરવેમાં અમેરિકાના અત્યાર સુધી રહી ચૂકેલા તમામ ૪૫ પ્રમુખોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૮માં પણ આવો જ એક સરવે કરવામાં આવ્યો હતો. આ સરવેમાં લોકોને દરેક રાષ્ટ્રપતિને ૦ થી ૧૦૦ સુધી રેટ કરવા કહ્યું હતું. જેમાં ૦નો અર્થ સૌથી નિષ્ફળ, ૫૦નો અર્થ સામાન્ય અને ૧૦૦નો અર્થ મહાન હતો. આ પછી તેઓએ દરેક પ્રમુખ માટે સરેરાશ સ્કોરની ગણતરી કરી અને તેમને પ્રથમથી છેલ્લા સુધી સ્થાન આપ્યું હતું.

## આપના ધારાસભ્ય ચૈતર વસાવાનું નિવેદન

# ભરૂચ બેઠક પર મોદી કે રાહુલ લડે તો પણ આમ આદમી પાર્ટી જ વિજેતા થશે

## મનસુખ વસાવા એ ચેલેન્જ કરી કે કેજરીવાલ કે ઈસુદાન ગઢવી નરેન્દ્ર મોદીની સામે વારાણસીથી ચૂંટણી લડી બતાવે



ભરૂચ,

મોદી અને રાહુલ ગાંધી એ ભાજપ અને કોંગ્રેસના કદાવર નેતાઓ છે. ચૈતર વસાવા આદીવાસી સમાજમાં લોકપ્રિય હશે પણ મોદી અને રાહુલ ગાંધીને હરાવવાના હવે સપનાં જોવા લાગ્યા છે. મહત્વનું છે કે ડેડિયાપાડાના ધારાસભ્ય અને ભરૂચ લોકસભા બેઠકના આપના ઉમેદવાર ચૈતર વસાવાએ કહ્યું હતું કે ભરૂચ લોકસભા બેઠક પરથી મોદી કે રાહુલ ગાંધી લડે તો પણ આમ આદમી પાર્ટી જ વિજેતા બનશે.

ચૈતર વસાવાના નિવેદન બાદ ભરૂચના ભાજપના સાંસદ મનસુખ વસાવાએ ચૈતર વસાવા પર આકરા પ્રહાર કર્યા છે. ચૈતર વસાવાના નિવેદનની સામે સાંસદ મનસુખ વસાવાએ કહ્યું કે ચૈતર વસાવા મૂર્ખ છે. મનસુખ વસાવા એ ચેલેન્જ કરી કે કેજરીવાલ કે ઈસુદાન ગઢવી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સામે વારાણસી થી ચૂંટણી લડી બતાવે. સાંસદે કહ્યું કે ચૈતર વસાવા બોગસ નિવેદન કરે છે એ નવો નિશાળીયો છે, ચૈતર વસાવાને દુઃખે છે પેટ અને કૂટે છે માથું, કોંગ્રેસ અને આપના ગઠબંધનની અકળામણ ચૈતર વસાવા ભાજપ પર ઢોળે છે. ગઠબંધનમાં બાળક જન્મે તે પહેલાં નામકરણ કર્યું તેવી સ્થિતીનું નિર્માણ થયું છે.

અમારે ગઠબંધન સાથે કોઈ લેવા દેવા નથી એમણે જે કરવું હોય તે કરે અમેં તો અમારું ઘર સાંભળવા માટે ની તૈયારી હાથ ધરી દીધી છે. આમ આદમી પાર્ટીના લોકસભાના ઉમેદવારો ડિપોઝીટ પણ ગુમાવશે. ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ભરૂચ લોકસભાના ઉમેદવાર તરીકે તેમના નામની જાહેરાત કરી હતી. એ બાદ જાણે ભરૂચ લોકસભા બેઠક પર રાજકીય માહોલ ગરમાયો હોય એવું જોવા મળી રહ્યું છે.

ભાજપ હોય કે કોંગ્રેસ, તમામ પાર્ટીઓ એકબીજા પર આક્ષેપ પ્રતિઆક્ષેપ કરી રહી છે. આ વચ્ચે જેલમાંથી છૂટ્યા બાદ ચૈતર વસાવાએ પણ લોકસંપર્કના કાર્યક્રમો શરૂ કર્યા છે અને હાલ ચૈતર વસાવા એ લોકસંપર્કમાં બેફામ બોલી રહ્યા છે આજે ચૈતર વસાવા એ નિવેદન કર્યું છે કે ભરૂચ લોકસભા બેઠક પર નરેન્દ્ર મોદી કે રાહુલ ગાંધી પણ લડે તો પણ આમ આદમી પાર્ટી જ વિજેતા થશે.

ચૈતર વસાવા ભરૂચમાંથી ચૂંટણી લડવા માંગે છે. આવી સ્થિતિમાં લોકસભાની ચૂંટણી પહેલા ભરૂચ બેઠક ચર્ચામાં આવી છે. કોંગ્રેસના ચાણક્ય ગણાતા અહેમદ પટેલે ખૂબ નાની ઉંમરે આ બેઠક જીતીને હેટ્રિક ફટકારી હતી, પરંતુ ૧૯૮૯ની ચૂંટણીમાં ભાજપની હાર બાદ તેઓ ફરીથી રાજ્યસભામાં ચૂંટાવા લાગ્યા હતા. ભરૂચ એ ગુજરાતની એક બેઠક છે જે હિન્દુત્વના ગઢના કેન્દ્ર તરીકે જોવામાં આવે છે.

ભરૂચમાં ૧૯૮૪થી ભાજપે માત્ર લોકસભાની બેઠક જ નહીં પરંતુ વિધાનસભાની બેઠકો પર પણ પ્રભુત્વ જમાવ્યું છે પરતું આ લોકસભામાં માહોલ થોડો અલગ છે.



સાબરમતી રીવરફ્રન્ટ રોડ પર ફુલ સ્પીડમાં વાહન ચલાવનાર માટે સ્પીડ કંટ્રોલ કેમેરા ગોઠવવામાં આવ્યા છે. જેનાથી ઓવર સ્પીડ વાહન ચાલકનો ફોટો ક્લીક થઈ જશે અને તેના એડ્રેસ પર મેમો પહોંચી જશે.

# રાજ્ય સરકાર દ્વારા ખેતી માટે વીજ કરમાંથી મુક્તિ અપાઈ

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન આજે કોંગ્રેસ દ્વારા ગૃહમાં ૩૦૦ યુનિટ સુધી વીજ બીલ માફ કરવા અંગે પ્રશ્ન પુછવામાં આવ્યો હતો. જેના જવાબમાં રાજ્યના ઊર્જા મંત્રી કનુ દેસાઈએ ખેડૂતના હિતમાં રાજ્ય સરકાર દ્વારા ખેતી માટે વીજ કરમાંથી મુક્તિ અપાઈ હોવાની માહિતી આપવામાં આવી હતી.

કનુભાઈ દેસાઈએ ગૃહમાં જણાવ્યું હતું કે રાજ્યના ખેડૂતોને વીજબિલના ફિક્સ ચાર્જમાં રાહત આપવા માટે રાજ્ય સરકારે મીટર આધારિત વીજ બિલ ભરતા ખેડૂતોને વીજબિલ ફિક્સ ચાર્જમાં રાહત આપવાનો ખેડૂત હિત લક્ષી નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારે હંમેશા ખેડૂતોના હિતની ચિંતા કરી છે ગુજરાતમાં ખેડૂતોની આવક બમણી કરવાના ઉદ્દેશ સાથે ખેતી માટે વીજ કર વસૂલવામાં આવતો નથી, તેમને મુક્તિ આપવામાં આવી છે. કનુભાઈ દેસાઈએ પેટા પ્રશ્નોનો જવાબ આપતા કહ્યું હતું કે, ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજ રેગ્યુલેટરિટીના નિયત કરેલા દર મુજબ જ વીજળીની ખરીદી કરવામાં આવે છે.

અગાઉ ગ્રામીણ વિસ્તારમાં વીજ કર વર્ષ ૨૦૦૭માં ૧૦ટકા હતો જેને વર્ષ ૨૦૧૨માં ઘટાડીને ૭.૫૦ ટકા કરવામાં આવ્યો છે જેમાં પણ ૨૫૦ યુનિટ સુધી કોઈ વીજ કરો વસૂલવામાં આવતો નથી. જ્યારે શહેરી વિસ્તારમાં અગાઉની સરકારમાં વર્ષ ૧૯૮૦માં ૪૦ ટકા વીજ કર વસૂલવામાં આવતો હતો, જે અમારી સરકારે ગ્રાહકોના હિતમાં વર્ષ ૨૦૦૬માં ૨૦ ટકા અને વર્ષ ૨૦૧૨માં તેમાં પણ ઘટાડો કરીને ૧૫ ટકા કરવામાં આવ્યો છે.

## બંને કારમાં સવાર લોકોનો આબાદ બચાવ

# રાજપારડી રોડ પર બે કાર વચ્ચે અકસ્માતની ઘટના

ભરૂચ,

ઝઘડીયા તાલુકાના રાજપારડી રોડ પર બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બે કર વચ્ચે એટલી જબરદસ્ત ટક્કર થઈ હતી કે એક કાર પલટી ગઈ હતી. ઘટનામાં સદનસીબે બંને કારમાં સવાર લોકોનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતમાં વાહનોને મોટું નુકસાન થયું છે. અકસ્માતની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. એક કાર રોડ ક્રોસ કરતી હતી ત્યારે પાછળથી આવતી કાર તેની સાથે ટકરાઈ ગઈ હતી. સદનસીબે બંને કારમાં સવાર લોકોનો બચાવ થયો હતો. બનવ સંદર્ભે ઝઘડિયા પોલીસે તપાસ હાથ ધરી છે.

# સિવિલ હોસ્પિટલ અને આયુર્વેદિક હોસ્પિટલનું વર્ચ્યુઅલી ખાતમુહૂર્ત થશે

આણંદ,

રાજકોટ શહેરમાં રેસકોર્ષ મેદાન ખાતે આગામી તા.૨૫ ફેબ્રુઆરીના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ગુજરાતના અનેક વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ થનાર છે. જેમાં આણંદમાં રૂ. ૧૬૩.૯૦ કરોડના ખર્ચે નિર્માણ પામનારી જિલ્લા કક્ષાની આધુનિક સુવિધાઓ વાળી સિવિલ હોસ્પિટલ અને આયુર્વેદિક હોસ્પિટલનું વર્ચ્યુઅલી ખાતમુહૂર્ત કરવામાં આવશે.

આણંદ ખાતે નિર્માણ થનાર જિલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલ ૨૯૭૬૧ સ્કવેર મીટર વિસ્તારમાં ૨૩૯ વોર્ડ બેડ, ૪૫ આઈ.સી.યુ. બેડ અને ૦૪ ઓપરેશન થિયેટર ધરાવતી ગ્રાઉન્ડ ફ્લોર ઉપર ત્રણ મજલાની જિલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલમાં રજીસ્ટ્રેશન, ઈમરજન્સી, રેડીયોલોજી, ફાર્મસી, લેબર એરિયા, ઓ.પી.ડી. જેવી કે ઓર્થોપેડીક, પીડીયાટ્રીક, ગાયનેક, જનરલ, ડેન્ટલ, ડાયેટીશીયન, ફીઝીયોથેરાપી, સ્કીન, એન.આર.સી., ૪ ઓટી કોમ્પ્લેક્ષ, એડવાન્સ લેબોરેટરી સર્વિસ, ડાયાલિસિસની સુવિધા ઉપલબ્ધ બનશે. વધુમાં, મેલ અને ફીમેલ વોર્ડ, આઈસોલેશન વોર્ડ, સ્પેશીયલ રૂમ, એન.આઈ.સી.યુ., પી.આઈ.સી.યુ., બર્ન, આઈ.સી.સી.યુ. અને એસ.આઈ.સી.યુ., પ્રીઝનર વોર્ડ તેમજ બ્લડ બેન્ક, કીચન અને ડાઈનીંગ, એડમીન ઓફીસ, ઈલેક્ટ્રીકલ અને પાવર બેક અપ સિસ્ટમ, મોર્ચ્યુરી, લોન્ડ્રી, મેડીકલ ગેસ પાઈપ લાઈન, ફાયર ફાઈટીંગ સીસ્ટમ, વોટર સપ્લાય, સુએજ સીસ્ટમ, બાયો મેડીકલ વેસ્ટ સિસ્ટમ ઉપલબ્ધ કરાવાશે.

### ચૂંટણી પહેલાં પક્ષ પલટાની મોસમ પૂરબહારમાં

# અમદાવાદના પૂર્વ ધારાસભ્ય ધર્મેન્દ્ર પટેલે કોંગ્રેસ છોડી

## ધર્મેન્દ્ર પટેલને ભાજપ લોકસભાની પૂર્વની બેઠક માટે ટિકિટ આપશે તેવું વચન આપ્યું હોવાની પણ ચર્ચા




અમદાવાદ,

લોકસભાની ચૂંટણી પહેલા ગુજરાત કોંગ્રેસને વધુ ઝટકો લાગ્યો છે, અમદાવાદના અમરાઈવાડી બેઠક પરથી કોંગ્રેસના બે વાર ધારાસભ્ય રહી ચુકેલા ધર્મેન્દ્ર પટેલે રાજીનામું આપી દીધું છે. હવે તેઓ ભાજપમાં જોડાઈ શકે તેવી ચર્ચા થઈ રહી છે. ગુજરાતમાંથી કોંગ્રેસને એક પછી એક ઝટકા લાગી રહ્યા છે. હજું એક મહિના પહેલા જ વિજાપુરના ધારાસભ્ય સી.જે ચાવડાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું હતું અને ભાજપમાં જોડાયા હતા. ત્યારે હવે અમદાવાદની અમરાઈવાડી બેઠક પરથી કોંગ્રેસના બે વખત ધારાસભ્ય રહી ચુકેલા ધર્મેન્દ્ર પટેલ ઉર્ફે ધમભાઈએ કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધુ છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ તેઓ છેલ્લા કેટલાય દિવસથી ભાજપના સંપર્ક છે. એવી પણ ચર્ચા થઈ રહી છે કે તેઓ ભાજપમાં જોડાઈ શકે છે.

ધર્મેન્દ્ર પટેલને ભાજપ લોકસભાની પૂર્વની બેઠક માટે ટિકિટ આપશે તેવું વચન આપ્યું હોવાની પણ ચર્ચા થઈ રહી છે. તેઓ અગાઉ ક્યારેય જીત્યા નહોતા, ત્યારે હવે ભાજપ તરફથી લોકસભાની ચૂંટણી લડવા માંગે છે. હવે આ મહિનાના અંત પહેલા જ તેઓ કેસરિયો ધારણ કરી શકે છે. ઉલ્લેખનીય છે કે લોકસભાની ચૂંટણી પહેલા ગુજરાતમાં પક્ષ પલટાની સીઝન આવી છે. અગાઉ આમ આદમી પાર્ટી (AAP)ના ધારાસભ્યોએ પણ પોતાના પક્ષમાંથી રાજીનામું આપીને ભાજપમાં જોડાયા હતા.

### ગૃહરાજ્યમંત્રીનું વિધાનસભા ગૃહમાં નિવેદન

# હવે એક કોલથી શહેરમાં ૧૦ મિનિટ અને ગામડામાં ૨૦ મિનિટમાં પોલીસ પહોંચશે

## હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં પોલીસ ગુના સ્થળે પહોંચવાના રિસ્પોશન ટાઈમ ઘટાડવામાં આવશે

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભામાં હાલ બજેટ સત્ર ચાલી રહ્યું છે, ત્યારે વિવિધ પ્રશ્નોતરી પર રાજ્ય સરકારના મંત્રીઓ જવાબ આપી રહ્યા છે. ગૃહ વિભાગની બજેટ માંગણીઓ પર જવાબ આપતા ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વિધાનસભા ગૃહમાં મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે.

હર્ષ સંઘવીએ જનતાની સુરક્ષા વિશે ગૃહમાં વાત કરતા જણાવ્યું હતું કે હવેથી રાજ્યના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં માત્ર એક ફોનથી પોલીસ તાત્કાલિક પહોંચશે. પોલીસનો ગુના સ્થળે પહોંચવાના રિસ્પોશન ટાઈમ ઘટાડવામાં આવશે.

આ સિવાય રાજ્ય સરકારની સ્પેશ્યલ એક્શન ફોર્સ જીછહ્લની રચના કરાશે. આ સિવાય રાજ્ય સરકાર નવી ફોર્સ ઉભી કરશે. હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં પોલીસ ગુના સ્થળે પહોંચવાના રિસ્પોશન ટાઈમ ઘટાડવામાં આવશે. જી હા... હવે ૧૧૨ ટોલ ફ્રી નંબરની સેવા શરૂ કરાશે, જેના કારણે ગુના સ્થળે કોઈ પણ વ્યક્તિ ફોન કરશે તો રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસ માત્ર ૨૦ મિનિટમાં પહોંચી જશે, જ્યારે શહેરી વિસ્તારોમાં ૧૦ મિનિટમાં પહોંચશે. એટલે કે શહેરી વિસ્તારમાં માત્ર એક ફોન કોલથી માત્ર ૧૦ મિનિટમાં ગુના સ્થળે પોલીસ પહોંચી જશે. જ્યારે ગ્રામીણ વિસ્તારમાં ગુના સ્થળે પોલીસ ૨૦ મિનિટમાં પહોંચી જશે. ગુજરાતમાં નવા પોલીસ સ્ટેશનો ઊભા થયા છે, તેના માટે પણ વાહનોની ખરીદી કરવામાં આવનાર છે, જે પેટે બજેટમાં ૮.૮૩ કરોડની જોગવાઈ કરાઈ છે. રાજ્ય સરકાર નવા ૧૧૦૦ વાહનો ખરીદશે. રાજ્યના પોલીસ વિભાગમાં કેન્દ્ર સરકારની વાહન સ્ક્રેપિંગની નીતિને અનુસરીને સ્ક્રેપ થયેલા વાહનોની સામે નવા વાહનો ખરીદવાનું નક્કી કરવામાં આવ્યું છે, જે માટે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૪.૮૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. એ જ રીતે પોલીસ તાલીમ સંસ્થાઓ માટે વાહનો ખરીદવા માટે ૨.૭૭ કરોડની બાબત રજૂ કરવામાં આવી છે, જ્યારે પોલીસ ખાતાની કચેરીઓમાં રદબાતલ વાહનો સામે નવા વાહનની - ખરીદી માટે ૨૬.૮૫ કરોડ વાપરવામાં આવશે. એસીબીની કચેરીના નવા વાહનો માટે ૧.૪૧ કરોડ જ્યારે સ્પેશિયલ એક્શન ફોર્સના નવા વાહનો માટે ૬.૨૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

# દારૂ મુદ્દે બે ઠાકોર ધારાસભ્યો વિધાનસભામાં બાખડી પડ્યા

ગાંધીનગર,

ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે ગેનીબેન ઠાકોર પર બુટલેગર સાથે સાંઠગાંઠના આક્ષેપ લગાવ્યા હતા, તો બીજી તરફ કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે અલ્પેશ ઠાકોર પર કોઈનો તોડ કર્યો હોવાના આક્ષેપ લગાવ્યા હતા

ગુજરાત વિધાનસભામાં આજે જે દ્રશ્યો જોવા મળ્યા તેમાં રાજકારણની સાથે રમુજ પણ હતી. નોકજોકની સાથે-સાથે હળવાશ પણ હતી. સૌથી પહેલા વાત કરીએ વિધાનસભામાં થયેલી નોકજોકની તો આજે વિધાનસભામાં ભાજપ અને કોંગ્રેસના ઠાકોર ધારાસભ્યો વચ્ચે આક્ષેપબાજી થઈ હતી..બે ઠાકોર ધારાસભ્યો દ્વારા એકબીજા પર આરોપો મુકવામાં આવ્યા હતા જેમાં વિધાનસભા અધ્યક્ષ દ્વારા બન્નેને શાંત કરાવવામાં આવ્યા હતા.

ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે ગેનીબેન ઠાકોર પર બુટલેગર સાથે સાંઠગાંઠના આક્ષેપ લગાવ્યા હતા, તો બીજી તરફ કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે અલ્પેશ ઠાકોર પર કોઈનો તોડ કર્યો હોવાના આક્ષેપ લગાવ્યા હતા.. આખરે વિધાનસભા અધ્યક્ષે બન્નેને અટકાવીને મામલો શાંત પાડ્યો હતો. આ સાથે ગૃહમાં એવી ક્ષણો પણ જોવા મળી જેમાં સમસ્ત ગૃહમાં હાસ્યનું મોજુ ફરી વળ્યુ હતું.. ગૃહ વિભાગની માંગણી દરમ્યાન ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે ગૃહરાજ્ય મંત્રીનું નામ બોલવામાં લોચો માર્યો હતો.. ગૃહ રાજ્ય મંત્રીના નામનો ઉલ્લેખ કરતી વખતે તેઓ હર્ષ સંઘવીને બદલે અલ્પેશ સંઘવી બોલી ગયા હતા..

આ સાથે ગૃહમાં તમામના ચહેરા પર સ્મિત ફરી વળ્યુ હતું.. અલ્પેશ ઠાકોરે ગૃહ રાજ્ય મંત્રી સાથે પોતાનું નામ જોડતા કુતુહલ પણ ફેલાયુ હતું.. દરમ્યાન કોંગ્રેસ નેતા શૈલેષ પરમારે રમૂજ મા ટકોર કરી કે હવે બહુ બોલ્યા આવતા સત્રમાં હવે બાકીનું બોલજો.

# મોડેલ તાનિયા એક મેચ પ્લેયરના સંપર્કમાં હોવાનું સામે આવ્યું છે

સુરત,

સુરતમાં ૨૮ વર્ષીય મોડેલે કરેલી આત્મહત્યા અંગે મોટો ખુલાસો થયો છે. મૂળ રાજસ્થાનની તાન્યા નામની મોડેલે પ્રેમ પ્રકરણમાં ગળેફાંસો ખાઈને જીવન ટુંકાવ્યું છે. જી હા..મોડી રાત્રે ઘરે આવ્યા પછી તાન્યાએ ગળેફાંસો ખાઈ લીધો હતો. તાન્યાએ આત્મહત્યા કરી લેતા પરિવારજનો શોકમાં ગરકાવ થયા છે. આત્મહત્યાનું કોઈ ચોક્કસ કારણ સામે નથી આવ્યું, પરંતુ પ્રેમ પ્રકરણના લીધે આત્મહત્યાની આશંકા વ્યક્ત કરાઈ છે. સુરત મોડેલની આત્મહત્યા મામલે મોટો ખુલાસો થયો છે. મોડેલ તાનિયા એક મેચ પ્લેયરના સંપર્કમાં હોવાનું સામે આવ્યું છે. વેસુ પોલીસની તપાસમાં અનેક ખુલાસા થાય તેવી શક્યતા છે.

સુરત મોડેલની આત્મહત્યા મામલે મોટો ખુલાસો થયો છે. ૨૮ વર્ષીય મોડેલે પ્રેમ પ્રકરણમાં આત્મહત્યા કરી હોવાની શક્યતા પોલીસ જોઈ રહી છે. વેસુ પોલીસે IPL ક્રિકેટર ખેલાડીને પૂછપરછ માટે બોલાવાયો છે. તાનિયા અને આઈપીએલ ખેલાડી અભિષેક શર્મા વચ્ચે પ્રેમસંબંધ હોવાનું જણાઈ રહ્યું છે. મોત વ્હાલું કરતા પહેલા તાનિયાએ અભિષેક શર્માને ફોન કર્યો હતો અને વેસુ પોલીસના હાથમાં કોલ ડિટેલ્સને આધારે આ વાત સામે આવી છે. તાનિયા અને અભિષેક ઘણા સમયથી એકબીજાના સંપર્કમાં હતા અને તેમની વચ્ચે ફોન અને વોટ્સએપ પર પણ વાતો થતી હતી. પોલીસનું માનવું છે કે અભિષેક સાથે ફોન પર વાત કર્યા બાદ જ તાનિયાએ ગળેફાસો ખાધો હતો. તાનિયાના આપઘાતમાં ક્રિકેટરનું નામ સામે આવતાં પોલીસને મોટી કડી હાથ લાગી છે અને તેણે અભિષેકને બોલાવીને પૂછપરછ શરુ કરી છે.

અભિષેક શર્મા આઈપીએલ ફ્રેન્ચાઈઝી સનરાઈઝર્સ હૈદરાબાદનો ખેલાડી છે. તેણે આઈપીએલની ૪૭ મેચમાં ૮૯૩ રન બનાવ્યા છે. જેમાં એક ઈનિંગમાં તેના સૌથી વધુ ૭૫ રન છે. આઈપીએલમાં અત્યાર સુધીમાં તેણે ૪ ફિફ્ટી ફટકારી છે અને ૯ વિકેટ પણ ઝડપી છે. જ્યારે ડોમેસ્ટિક ક્રિકેટ પંજાબમાંથી રમે છે. સુરતના વેસુ વિસ્તારમાં ૨૮ વર્ષય મોડલે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી છે. મૂળ રાજસ્થાનની અને સુરતમાં મોડલિંગ કરતી તાન્યા સિંગે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગયો છે. જોકે, તેના આત્મહત્યાનું કારણ હજી સામે આવ્યું નથી. સુરતમાં એક મોડલ તરીકે કામ કરતી યુવતીએ આપઘાત કરી લીધો હતો.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben V. Sisodiya